દિવ્ય ભાસ્કર
અમદાવાદ-સિટીભાસ્કર 21-10-2025

**ART SHOW** • આર્ટિસ્ટ : **રાકેશ પટેલ** • ક્યાં : **ઈરમ આર્ટ** • ખાસ શું : **શિલ્પ આર્ટ**

# સ્ટીલના શિલ્પમાં પરંપરા, આધુનિકતાની પ્રતીતિ





**અમદાવાદ:** દિવાળી પ્રકાશનું પર્વ છે અને આ પર્વમાં દિવ્યતા અને દૈવી તત્ત્વને અનુભવવાનો સમય છે ત્યારે, આર્ટિસ્ટ રાકેશ પટેલનો આર્ટ શૉ આ વાતને આર્ટ થકી સાર્થક કરે છે. કલ્ચરલ વીક બાદ ઈરમ આર્ટ ગેલેરીમાં તેમનું આર્ટ ડિસ્પ્લે સામાન્ય ભૌતિક જીવન અને આધ્યાત્મિક દુનિયાને જોડતી કડીરૂપ બની રહ્યું છે. શૉ અંગે રાકેશ પટેલે કહ્યું કે, 'આ ડિસ્પ્લેમાં લાકડાના રીલીફ વર્ક અને સ્ટીલના શિલ્પો પરંપરાની સાથે આધુનિકતાની પ્રતિતિ કરાવે છે. આ ડિસ્પ્લે જોનારને ટેમ્પલ આર્કિટેક્ચરનો અનુભવ થાય છે. પેપર, વૂડ અને સ્ટીલમાં સફરને સારજીકતાથી રજૂ કરવાનો આ એક પ્રયાસ છે. મારી અત્યાર સુધીની આર્ટ સફરમાં મેં વિવિધ વસ્તુને આર્ટમાં પ્રયોગ તરીકે જોવાનું રાખ્યું છે.'